બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

# ઉકેલપત્ર : સત્સંગ પ્રવેશ - ૨

કુલ ગુણ - ૭૫

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૨ માર્ચ, ૨૦૧૪)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( | ગુણ : ૧ | | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

## (વિભાગ - ૧ : કિશોર સત્સંગ પ્રવેશ, બારમી આવૃત્તિ - એપ્રિલ ૨૦૧૧)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તું ભાઈને રજા આપ અને હું તારી સેવા કરીશ.'' (૧૮/૫૪) ➫ રાણો - માને

➫ રાણાના બે ભાઈ રાઘવ અને વશરામ સાધુ થવા તૈયાર થયા પણ તેની માએ ના પાડી. ત્યારે રાણો માને સમજાવતાં કહે છે.

૨. ''તમે તો મૂઆને જીવતા કરો છો, માટે તમને પ્રભુ કહ્યા.'' (૩/૧૫) ➫ શ્રીજીમહારાજ - વ્યાપકાનંદ સ્વામીને

➫ બોટાદના હમીર ખાચરની ઘોડીને જીવતી કરી ઝીંઝાવદર સ્વામી આવ્યા ત્યારે શ્રીજીમહારાજે ખીમબાઈને કહ્યું : 'અમારા પ્રભુ આવ્યા છે માટે થાળ કરો.' આ સાંભળીને સ્વામીએ કહ્યું : 'હું તો તમારો સેવક છું. મને આમ કાં કહો છો ?' ત્યારે

૩. ''આપણને સર્વ સમૃદ્ધિ આ ગોવર્ધન પર્વત આપે છે.'' (૧૬/૩૯) ➫ શ્રીકૃષ્ણ ભગવાન - ગોવાળિયાઓને

➫ વ્રજમાં ગોવાળિયાઓ પહેલાં ઈન્દ્રની પૂજા કરતા હતા. શ્રીકૃષ્ણ ભગવાને તેમને કહ્યું, 'આપણને સર્વ સમૃદ્ધિ ગોવર્ધન પર્વત આપે છે. માટે ઈન્દ્રને બદલે ગોવર્ધનની પૂજા કરવી.'

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. શ્રીજીમહારાજે પ્રભાશંકરને કહ્યું, ''તમે ભગત ખરા.'' (૨૦/૫૬-૫૭)

જ. વરતાલ આવવાનો મહારાજનો આજ્ઞા પત્ર લઈને ખેપિયો જાન નીકળતા સમયે જ આવ્યો. તે પત્ર વાંચીને પ્રભાશંકર પોતાના લગ્ન બંધ રાખવાનો નિર્ણય કરી વરતાલ જવા નીકળી ગયા. મહારાજની આજ્ઞા આગળ એમને જગતની દરેક વસ્તુ ગૌણ હતી માટે કહ્યું.

૨. કોઈએ ક્યારેય આત્મઘાત ન કરવો. (૧/૬)

જ. વેદમાં કહ્યું : 'સર્વ થકી આત્માનું રક્ષણ કરવું.' મનુષ્યદેહમાં જ મોક્ષરૂપ પુરુષાર્થની સિદ્ધિ થઈ શકે છે. સાડા ત્રણ કરોડ પ્રાકૃત પ્રલય પછી ભગવાનની ભક્તિ કરવા આ મનુષ્યદેહ મળે છે, તો મનુષ્યદેહની દુર્લભતા સમજીને કોઈએ ક્યારેય આત્મઘાત ન કરવો.

૩. દેવજીભાઈ અને તેમનાં પત્ની બહુ રાજી થયાં. (૯/૨૩)

જ. દેવજીભાઈના સંગે તેમનાં પત્ની પણ એવાં જ ભક્ત હતાં. દેવજીભાઈનો દીકરો અખંડ મહારાજને દેખતો હતો. તે મોટો થયો ત્યારે તેનાં માગાં આવવા લાગ્યા. માબાપને થયું કે 'જો તેને પરણાવીશું તો મહારાજની મૂર્તિનાં તેને દર્શન થાય છે અને જે સુખ લે છે તે મટી જશે.' ત્યાં મહારાજની ઈચ્છાથી દીકરો ધામમાં અખંડ મહારાજની સેવામાં ગયો. તેથી દેવજીભાઈ અને તેમના પત્ની બહુ રાજી થયાં.

**પ્ર.૩** 'દૂબળી ભટ્ટ' (૧૫/૩૪-૩૬) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

દૂબળી ભટ્ટ મૂળ ચાંદગઢના, પણ મોટા ગોરખવાળામાં યજમાન વૃત્તિ કરતાં. એમનું ખરૂં નામ તો રણછોડજી મહારાજ પણ શરીર

દુર્બળ ને વ્યવહાર દુર્બળ તેથી સૌ દૂબળી ભટ્ટ કહેતા. ગઢડામાં મહારાજ સભા ભરીને બિરાજેલાં ત્યારે ગઢપુર મંદિર માટે લખણી થતી હતી. ત્યારે દૂબળી ભટ્ટે ખચકાતાં પોતાની ચીંથરેહાલ પાઘડીના છેડે બાંધેલી તેર ગાંઠો છોડી મહારાજના ચરણમાં તેર દોકડા મૂક્યા મહારાજે રાજી થઈ ગોપીનાથજી મહારાજની જય બોલાવી. દરબારોને આશ્ચર્ય થયું. મહારાજે કહ્યું તમે તમારા ઘરબાર સાચવીને સેવા કરી છે ત્યારે દૂબળી ભટ્ટે પોતાનું જે કાંઈ હતું તે મૂડી ભેગી કરી સેવા કરી છે. માટે અમારું મંદિર પુરું થયું. બીજા એક પ્રસંગે વેવાઈને ગામ ગયા ત્યારે સવારે નાહી ધોઈને માનસી પૂજા કરવા બેઠાં. વેવાઈ કુસંગી હોવાથી મશ્કરીમાં મૂર્તિ લઈ જોડો મૂક્યો. ભટ્ટજીએ માનસીમાંથી જાગૃત થઈ જોયું તેથી બોલ્યાં 'આ કોની આંખ ફૂટી છે તે મૂર્તિની જગ્યાએ જોડો મૂક્યો.' તરત વેવાઈની બંને આંખો બહાર આવી ગઈ. વેવાઈ અંધ બન્યા તેવી તેમની ભક્તિની સત્યતા હતી. શ્રીજીમહારાજે એક વાર રાજી થઈને પોતાનો સોનાનો વેઢ ને કડું પ્રસાદીરૂપે આપેલા.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ચાતુર્માસમાં સચ્ચિદાનંદ સ્વામીએ કયો નિયમ લીધો ? (૨૧/૫૮)

જ. ચાર માસ સુધી સૂવું નહિ અને રાત્રે પલાંઠી વાળી સાથળ ઉપર બે પથ્થર રાખીને મહારાજનું ધ્યાન ભજન કરવું.

૨. ભગવદ્‌ગીતા કોની વાણી છે ? (૧૯/૫૫) જ. ભગવદ્‌ગીતા શ્રીકૃષ્ણ ભગવાનની વાણી છે.

૩. 'ગુરુ' શબ્દનો અર્થ જણાવો. (૧૦/૨૪)

જ. 'ગુ' એટલે અંધકાર અને 'રુ' એટલે પ્રકાશ. અંધકાર કહેતાં અજ્ઞાનને ટાળીને પ્રકાશ કહેતાં જ્ઞાન આપે તે ગુરુ.

૪. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ ક્યારે થયો હતો ? (સંવત, માસ, તિથિ) (૧૬/૪૨)

જ. પ્રમુખસ્વામી મહારાજનો જન્મ સંવત ૧૯૭૮માં માગશર સુદ આઠમના દિવસે થયો હતો.

૫. સંપ વિશે મુક્તાનંદ સ્વામીએ ઉપદેશ આપતી કઈ કડી લખી છે ? (૮/૨૨)

જ. સંપ વિશે મુક્તાનંદ સ્વામીએ ઉપદેશ આપતાં લખ્યું છે કે 'થઈ એકમના પ્રભુને ભજીએ.'

**પ્ર.૫** ''પ્રહલાદજીએ નારાયણ સાથે'' (૨૪/૭૦) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી સાચી લખી હોય તો ૧ ગુણ, નિરૂપણના ૪ ગુણ.**

**'પ્રહ્‌લાદજીએ નારાયણ સાથે ઘણા દિવસ યુદ્ધ કર્યું પણ ભગવાન જિતાણા નહિ. પછી ભગવાને પ્રહ્‌લાદને કહ્યું જે, 'યુદ્ધે કરીને તો હું જિતાઉં તેવો નથી ને મને જીતવાનો ઉપાય તો એ છે જે, જીભે કરીને મારું ભજન કરવું, મનમાં મારૂં ચિંતવન કરવું ને નેત્રમાં મારી મૂર્તિ રાખવી - એ પ્રકારે નિરંતર મારી સ્મૃતિ કરવી; એમ કહ્યું. પછી એવી રીતે પ્રહલાદે અભ્યાસ કર્યો, ત્યારે ભગવાન છ માસમાં વશ થઈ ગયા. માટે ભગવાનને રાજી કરવાને અર્થે આ ઉપાય સર્વોપરી છે, તે શીખવો.'**

ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં યુધ્ધ અને તેનાં સાધનો કોઈ જુદા જ પ્રકારનાં બતાવ્યાં છે. જેમ કોઈ યોધ્ધાને જીતવો હોય તો આપણી પાસે તલવાર, ઢાલ, બંદૂક વગેરે સાધનો જોઈએ. પણ કોઈ વિદ્વાનને જીતવો હોય તો આ સાધનો નકામાં બને છે. તેની સામે આપણે વિદ્વત્તા વાપરવી જોઈએ. જેમ શરીરમાં જંતુઓથી રોગ થયો હોય, તે જંતુઓ દવાથી મરે પણ બંદૂકથી ન મરે. તેમ સર્વ શક્તિમાન અને સર્વથી પર એવા ભગવાન આપણાં લૌકિક સાધનોથી જીતી શકાય નહિ. રાવણ અને કંસ મહાબુધ્ધિશાળી અને શૂરવીર હતા, તો પણ રામ અને કૃષ્ણને જીતવાનો ઉપાય જાણી શક્યા નહિ અને પરાજય પામ્યા. બલિરાજા અસુર હતા, છતાં તેણે ભગવાનને વશ કરી લીધા. ભગવાનને વશ કરવાનો ઉપાય સ્વામીએ અહીં બતાવ્યો છે. આપણી સર્વે ઈન્દ્રિયો ભગવાનમાં જોડી દઈએ તો ભગવાન તરત જ વશ થઈ જાય છે. ભગવાનના એકાંતિક સંત થકી આપણને આ ઉપાય હાથ આવે છે. આ ઉપાય કઠણ છે, પરંતુ તેનો નિરંતર અભ્યાસ રાખીએ તો સિધ્ધ થાય. એક દિવસ ગુણાતીતાનંદ સ્વામીએ રામદાસ સ્વામીને વંથળી કામ પ્રસંગે મોકલ્યા અને કહ્યું : 'આખે રસ્તે સ્વામિનારાયણ, સ્વામિનારાયણ એમ મનમાં અખંડ ભજન કરતા જજો.' તેઓ આમ ભજન કરતાં કરતાં વંથળી પહોંચ્યા. ત્યાં તેમને વંથળી ગામ ફરતા કોટને કાંગરે કાંગરે મહારાજની મૂર્તિનાં દર્શન થયાં. માટે આપણે સર્વેએ આ ઉપાય શીખવો.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. યજ્ઞપુરુષમાં અખંડ રહીને, જ્ઞાનજીવનમાં અખંડ રહીને
પ્રમુખસ્વામીમાં અખંડ રહીને, ઉપાસના શુદ્ધ પ્રગટ કરી. પ્રભુ..... વંદન
ભક્તિ એ જ અમારું જીવન, સેવા એ જ અમારું જીવન, દેજો રોમે રોમ ભરી. (૧૩/૩૨)

૨. અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે, અમે સૌ શ્રીજીતણાં યુવક, લડીશું શ્રીજીને માટે.
નથી ડરતા નથી કરતા અમારા જાનની પરવા, અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા. (શૌર્યગીત)

૩. સદૈવ સારંગપુરસ્ય રમ્યે સુમન્દિરે હ્યક્ષરધામતુલ્યે. સહાક્ષરં મુક્તયુતં વસન્તં શ્રી સ્વામિનારાયણમાનમામિ. (૬/૧૯)

૪. **ગુજરાતી ભાષાંતર :** જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો જ પ્રસંગ જો ભગવાનના પરમ એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે. (૨૨/૬૦)

(વિભાગ - ૨ શાસ્ત્રીજી મહારાજ, ચૌદમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૩)

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''જે ભગવાનનું સ્વરૂપ હોય તે જ આ રસનો સ્વાદ ચખાડી શકે.'' (૫૦/૮૪)

➪ વિશ્વનાથભાઈ - સભાને કહે છે.

➪ અમદાવાદમાં સ્વામીશ્રીએ ભાગવતની કથા કરી અદભૂત વાતો કરી. તે સાંભળી વૈષ્ણવ સંપ્રદાયના વિદ્વાન શાસ્ત્રી સભાને કહે છે.

૨. ''તમે તો ભગવાન ભજવા અને ભજાવવા આવ્યા છો.'' (૭/૧૫) ➪ પિતાશ્રી - ડુંગર ભક્તને

➪ ડુંગર ભક્તની વૈરાગ્યયુક્ત અને હૃદયસોંસરી ઊતરી જાય તેવી ઉપદેશવાણી સાંભળી તેમના પિતાશ્રીનું અજ્ઞાન દૂર થઈ ગયું. માયાનાં આવરણો છૂટી ગયાં. તેથી બીજા દિવસે તેમને બોલાવીને રજાચિઠ્ઠી લખી આપતાં કહે છે.

૩. ''આપ અમારી સહાયમાં રહેજો અને અખંડ ભેગા રહેજો.'' (૩૦/૫૩) ➪ સ્વામીશ્રી - હરિકૃષ્ણ મહારાજને

➪ સ્વામીશ્રીને વડતાલથી છૂટા પડવાના સંજોગો ઉત્પન્ન થયા ત્યારે વડતાલથી નીકળતી વખતે મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ પ્રાર્થના કરતાં કહે છે.

**પ્ર. ૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. રણછોડ ભગતની ભ્રાંતિ ભાંગી અને બોલી ઊઠ્યા, ''સ્વામી તો બહુ સમર્થ પુરુષ છે.'' (૪૪/૭૫)

જ. રાત્રે એક અતિ શ્વેત અને દૈવી દેખાય તેવી ગાય મંદિરના ડેલામાં સ્વામીશ્રી સૂતા હતા ત્યાં આવી. તેમનાં ચરણોમાં માથું નમાવી ત્રણ વાર નમસ્કાર કર્યાં. રણછોડ ભગતે આ નજરે જોયું. તેમને ખાતરી થઈ કે નક્કી અડસઠ તીર્થો ગાયનું રૂપ લઈ સ્વામીશ્રીના ચરણોમાં પાવન થવા આવ્યા છે. તેથી તેમની ભ્રાંતિ ભાંગી ગઈ.

૨. મોતીભાઈએ સ્વામીશ્રીને બંને હાથે તેલ ચોપડ્યું. (૪૨/૭૨)

જ. સ્વામીશ્રી આણંદમાં કથા કરતા હતા ત્યારે મોતીભાઈને ત્યાં આગ લાગી તેવી બૂમો પડી. દયાળુ સ્વામીશ્રીએ ત્યાં બેઠાં બેઠાં જ આગ હોલવી. સ્વામીશ્રીના બંને હાથ કોણી સુધી દાઝી ગયા હતા. તેથી મોતીભાઈએ સ્વામીશ્રીને બંને હાથે તેલ ચોપડ્યું.

૩. રાજકોટમાં ઉદાસ થયેલા શાસ્ત્રીજી મહારાજનો શોક દૂર થયો. (૨૧/૩૭)

જ. ભગતજી મહારાજના ધામગમનના સમાચાર મળતાં સ્વામીશ્રી ઉદાસીનતામાં કૂવા પાસે બેઠા હતા. ત્યાં જ ભગતજી મહારાજે સ્વામીશ્રીને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. ગુલાબ અને મોગરાનો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો અને બોલ્યા : 'આમ ઉદાસ કેમ થયા છો ? હું કાંઈ ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.'

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

**૧. જાગા ભક્તના આશીર્વાદ (૧૮/૩૨-૩૪)** જૂનાગઢમાં જાગા ભક્તના આસને કથામાં મોટા મોટા સદ્‌ગુરુઓ તથા હરિભક્તો બેસતા તેથી ઘણા બળી ઊઠતા. કેટલાકના શબ્દોથી જીભાઈ કોઠારી ભોળવાઈ ગયા અને જાગાભક્તને સભામાં આવવાની બંધી કરી તથા તેમના આસને જવાની તેમ જ કથાવાર્તા કરવાની બંધી કરી. આથી જાગાભક્તને ઘણું જ દુઃખ થયું. આ વાતની રાજકોટમાં સ્વામી યજ્ઞપુરુષદાસજીને ખબર પડતાં જ તેઓ જૂનાગઢ પધાર્યા અને જાગા ભક્તના આસને જવા લાગ્યા. ત્યારે કેટલાકે કહ્યું : 'ત્યાં જવાની બંધી છે. કોઠારીનો હુકમ છે.' ત્યારે યજ્ઞપુરુષદાસજીએ કહ્યું : 'મારા માટે બંધી નથી.' અને જાગાભક્તને મળ્યા તેથી આશ્ચર્ય પામેલા જાગા સ્વામીએ પૂછ્યું : 'તમે અહીં શી રીતે આવ્યા ? અહીં આવવાની તો બંધી છે.' ત્યારે યજ્ઞપુરુષદાસજીએ કહ્યું 'આજથી બંધી તૂટી. તમે ઉદાસ ન થશો. હું કોઠારીને સમજાવીશ.' રાત્રે જીભાઈને એકાંતમાં બોલાવી જાગા ભક્તનો ખૂબ જ મહિમા સમજાવ્યો. તેથી કોઠારીને પોતાની ભૂલ સમજાઈ અને અંતરમાં પસ્તાવો થયો. સવારે પરવારી ને કોઠારીએ જાગા ભક્તના આસને જઈને માફી માંગતા કહ્યું આજથી તમારે આસને બધાને આવવાની છૂટી ને આપ સભામાં પધારી કથાવાર્તા કરો એવી મારી વિનંતી છે. મારી અણસમજણ યજ્ઞપુરુષદાસે ટાળી નાખી અને મને ઉગારી લીધો છે. આવાં દીનવચનો કહી માફી માગી. જાગા સ્વામીએ કોઠારીને રાજી થઈને આશીર્વાદ આપ્યા. પછી જ્યારે યજ્ઞપુરુષદાસજી જાગા સ્વામી પાસે આવ્યા ત્યારે જાગા સ્વામી તેમને ભેટ્યા અને કહ્યું 'આવો બાપ બહુ રાહ જોવરાવી ?' અને બોલ્યા 'ઘણા મુમુક્ષુઓનું મોક્ષનું દ્વાર બંધ થઈ ગયું હતું તે તમે આજે ઉઘાડ્યું. હવે આજથી મારાથી જે જે સત્કર્મ થાય, જે જે જીવનું કલ્યાણ થાય, તે બધાનું પુણ્ય તમને છે.' ત્યારે યજ્ઞપુરુષદાસજી એટલું જ બોલ્યા કે 'મારા પર રાજી રહેજો અને સદા દૃષ્ટિ રાખજો.' આ પ્રસંગથી સત્સંગમાં એ છાપ પડી કે ''યજ્ઞપુરુષદાસજીની જોડ સત્સંગમાં જડવી મુશ્કેલ છે.'

**૨. ગુણાતીત માટે મૂંડાવ્યું છે. (૩૯/૬૮-૬૯)** સારંગપુર મંદિરનું કામ અટકાવવા માટે દ્વેષીઓએ ઘણા વિઘ્નો નાંખ્યા - 'ઠાકોરદ્વારો થશે' - 'કંટાળીને આ લોકો ભાગી જશે' - પણ કામ અટક્યું નહીં - મૂર્તિ પ્રતિષ્ઠાનો દિવસ આવી ગયો - લીમડીના ઠાકોર સાહેબને ઊંધુંચત્તું સમજાવીને કામ અટકાવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો - મધ્ય મંદિરમાં રાધા કૃષ્ણ દેવ કેમ નહીં ? ઠાકોર સાહેબ સ્વામીશ્રીના દર્શને આવ્યા - પૂછ્યું કે ગોપાળાનંદ સ્વામી પાસે ચમત્કારી લાકડી હતી તેવી કોઈ ચીજ તમારી પાસે છે ? હિંમતભાઈ કહે - આ સ્વામી તો નવી લાકડી કરે એવા સમર્થ છે. - છતાંય ઠાકોર સાહેબે મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણદેવને પધરાવવાનો આગ્રહ રાખ્યો - આ સત્તાધારીની શેહ-શરમમાં જરાય તણાયા વિના સ્વામીશ્રી બોલ્યા - અમે જે કષ્ટ સહન કર્યાં છે તે ઈષ્ટદેવ મહાપ્રભુ સહજાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી માટે જ અને આ મૂંડાવ્યું પણ તેમના માટે જ છે. - માટે મધ્ય મંદિરમાં તો અક્ષરપુરુષોત્તમ દેવ જ બેસશે. -

રાધાકૃષ્ણની મૂર્તિઓ પ્રથમ ખંડમાં પધરાવીશું - સ્વામીશ્રીની સત્તાવાહી સ્પષ્ટ વાત સાંભળી ને ઠાકોર સાહેબે પોતાનો આગ્રહ પડતો મૂક્યો. - આપને યોગ્ય લાગે તેમ કરો. અમારા બોલ્યા સામું ન જોશો. - વિરોધીઓનો આ પાસો પણ પાર ન પડ્યો.

**૩. શેષનાગને માથે ખીલી (૩૫/૬૨-૬૩)** બોચાસણમાં દરવાજો કરવા સ્વામીશ્રીને થોડી જમીનની જરૂર હતી. તેની ના પાડવા ગામલોકોએ માથાભારે બેચર કીસાને મોકલ્યો. સ્વામીશ્રીએ બેચર કીસાને સમજાવતાં કહ્યું, ''મંદિરના કામ માટે અમારે જમીન જોઈએ છે તે તમારે મંદિરને જમીન આપવી જ જોઈએ.'' આમ કહી તેમના સામે નજર ફેંકતા જ બેચર કીસાનું અંતર બદલાઈ જતા તેમણે મંદિર માટે જમીન આપી દીધી અને સ્વામીશ્રીએ ખૂંટીઓ મરાવી દીધી. પણ ધનજી મતાદારથી આ વાત સહન ન થઈ. તે ખીલી કાઢવા ગયો ત્યારે સ્વામીશ્રીએ મતાદારને કહ્યું, ''મતાદાર આ ખીલી શેષનાગને માથે છે. માટે તેને કાઢશો નહીં.'' તો પણ ધનજી મતાદારે ખૂંટી કાઢી. તે ખૂંટીની અણી લોહી વાળી જોઈ તે ગભરાયો અને તરત જ ખૂંટી મૂકી દીધી. બેચર કીસા સ્વામીનો આ પ્રતાપ જોઈ તેમના ચરણમાં નમી પડ્યા અને માફી માંગી. સ્વામીશ્રીએ તેમને માફ કર્યા અને તેને હંમેશા મંદિરના કાર્યમાં સહાય કરવાની આજ્ઞા કરી. આખા ગુજરાતમાંથી મુમુક્ષુઓ બોચાસણમાં આવવા લાગ્યા. વરતાલમાં વિરોધની બીકે જે જ્ઞાન ખૂણે ખૂણે ચર્ચાતું હતું તે હવે ગુજરાતના મધ્યમાં, ચરોતરમાં ગાજવા લાગ્યું. સૌ નિર્ભય બની અક્ષરપુરુષોત્તમની જય બોલવા લાગ્યા. વાતો કરવા લાગ્યા. મહિમા ગાવા લાગ્યા. જૂનાગઢના સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીએ વરતાલમાં કહ્યું : 'અક્ષર અને પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવીને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીએ સંપ્રદાયમાં ઉપાસનાની શુદ્ધિ કરી છે. આજ સુધી સૌ, દેવો અને અવતારોની ઉપાસના કરતા હતા, હવે શ્રીજીમહારાજની તેમના ભક્ત સહિતની શુદ્ધ ઉપાસનાની સ્થાપના થઈ ગઈ છે. આ રીતે ઉપાસના-માર્ગ ચોખ્ખો બન્યો છે.' કૃષ્ણજી અદા કહેતા : 'શુદ્ધ જ્ઞાન છડેચોક કહેલું જોવા જવું હોય તો બોચાસણ જાઓ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે આખા સંપ્રદાયની ભારે સેવા કરી છે.'

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. અટલાદરામાં મંદિરની જમીન કેવી રીતે શ્રીજીમહારાજની પ્રસાદીની છે ? (૪૯/૮૨)

જ. અટલાદરામાં મંદિરની જમીનની ઉપર મૂળુ મેતર અને કૃષ્ણ માળી રહેતા હતા ત્યાં મહારાજ પધાર્યા હતા.

૨. યજ્ઞપુરુષદાસજીએ જેઠાભાઈને ક્યાં અને કેટલા વાગ્યા સુધી અક્ષરપુરુષોત્તમની વાતો કરી ? (૧૬/૩૦)

જ. યજ્ઞપુરુષદાસજીએ જેઠાભાઈને વડોદરા મંદિરની પ્રદક્ષિણામાં સવારે ચાર વાગ્યા સુધી અક્ષરપુરુષોત્તમની વાતો કરી.

૩. શાસ્ત્રીજી મહારાજ કઈ શરતે નિર્મળદાસજીને મદદ આપવા તૈયાર થયા ? (૨૨/૪૦)

જ. શાસ્ત્રીજી મહારાજે શરત મૂકી કે 'અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવો તો અમે તમને મદદ કરીએ.'

૪. આચાર્ય લક્ષ્મીપ્રસાદ કેવા હતા ? (૨૭/૪૭)

જ. આચાર્ય લક્ષ્મીપ્રસાદ નાની ઉંમરના અને રજોગુણી હતા.

૫. શાસ્ત્રીજી મહારાજ કયા ગામમાં અને ક્યારે ધામમાં પધાર્યા ? (સંવત, માસ, તિથી) (૫૮/૯૩, ૫૯/૯૪)

જ. શાસ્ત્રીજી મહારાજ સારંગપુરમાં સંવત ૨૦૦૭ વૈશાખ સુદ ૪ને દિવસે ધામમાં પધાર્યા.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૪૩/૭૩) **૨.** ૨, ૩, ૪ (૫૯/૯૫) **૩.** ૩, ૪ (૩૨/૫૭)

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **દીક્ષા મહોત્સવ :** પરંતુ ડુંગર ભક્ત જેવા હોંશિયાર અને બુદ્ધિશાળી સેવકની જરૂર આચાર્ય મહારાજને પણ હતી. તેથી જો તેમને દીક્ષા આપે તો ડુંગર ભક્ત હાથમાંથી જાય. (૯/૧૯)

૨. **પૂર્વભૂમિકા :** તેઓ મનોમન શ્રીજીમહારાજને પ્રાર્થના કરતા હતા અને આ મહાન કાર્ય પાર પાડી શકે તેવા, શ્રીજીમહારાજની જ સર્વ-શક્તિ અને ઐશ્વર્યને ધારી શકે તેવા કોઈ સમર્થ પુરુષની રાહ જોતાં બેઠા હતા. (૧/૨)

૩. **વરતાલ સાથે સમાધાનની વાટાઘાટો :** સ્વામીશ્રી સારંગપુર આવે ત્યારે પણ બોટાદથી તો ચાલીને જ આવવાનું. માથે પોટલાં, ખભે ઝોળી અને સાથે જોડના સાધુ નાના હોય તો તેમની ઝોળી અને પોટલાં પણ સ્વામીશ્રી જ ઉપાડે. (૪૩/૭૪)

૪. **મંદિર અને સત્સંગથી જુદા નથી :** સમૈયો પૂરો થયા પછી સ્વામીશ્રીના હેતવાળા તમામ હરિભક્તો આચાર્ય મહારાજ પાસે ગયા અને સ્વામીશ્રીના મંડળને બોચાસણ મોકલવા માગણી કરી. (૨૯/૫૨)

૫. **વરતાલમાં અક્ષરપુરુષોત્તમનો જયઘોષ :** પૂનમની સભામાં જેવા આચાર્ય મહારાજ આવ્યા કે તરત જ ગલભાઈ 'સહજાનંદ સ્વામી મહારાજની જય' બોલ્યા. સૌએ તે ઝીલી. પછી તરત જ 'અક્ષરપુરુષોત્તમ મહારાજની જય' બોલ્યા. (૨૬/૪૬)

૬. **હું તે યોગી ને યોગી તે હું :** યોગી સ્વામી અમદાવાદ આવ્યા અને ગોંડળ જવા સ્વામીશ્રીની આજ્ઞા લેવા આવ્યા. ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'હવે તો મહારાજ તેડી જશે. માટે આ નારાયણદાસ (પ્રમુખસ્વામી) તમને સોંપ્યા. (૫૭/૯૨)

❑ ❑ ❑